# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-03-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

****************************************************

1. સરકારે ડીઝલ અને વિમાનનું ટર્બાઇન ઈંધણ - ATF પર નિકાસ ડ્યુટી લાદી - પેટ્રોલ અને ડીઝલ પર આબકારી ડ્યુટી ઘટાડી.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ઉત્તર પ્રદેશના જેવરમાં નોઇડા આંતરરાષ્ટ્રીય વિમાનમથકના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કરશે.
3. સંરક્ષણ મંત્રાલયે તુંગુસ્કા વાયુ રક્ષા મિસાઇલ પ્રણાલીની ખરીદી અને મેરીટાઇમ ટોહિ વિમાનના નિરીક્ષણ માટે 858 કરોડ રૂપિયાના કરારો કર્યા.
4. રાજ્યસભાએ નાણા વિધેયક, 2026,ની ચર્ચા બાદ ધ્વનિમતથી પસાર કર્યું.
5. કુવૈતના મુખ્ય વાણિજ્યિક કેન્દ્ર શુવૈખ બંદર પર સવારે ડ્રોન હુમલો થવાથી, માળખાગત સુવિધાઓને નુકસાન થયું.
6. નેપાળમાં,બાલેન્દ્ર શાહે નવા પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા.

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો

# WEST ASIA - DAILY BRIEF

સરકારે ડીઝલ અને વિમાનનું ટર્બાઇન ઈંધણ - ATF પર નિકાસ ડ્યુટી લાદી છે અને પેટ્રોલ અને ડીઝલ પર આબકારી ડ્યુટી ઘટાડી છે. આનાથી પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત થશે.

પશ્ચિમ એશિયામાં ઘટનાક્રમ અંગે કસ્ટમ્સ બોર્ડના અધ્યક્ષ, વિવેક ચતુર્વેદીએ જણાવ્યું કે આ ફેરફારોનો હેતુ ડીઝલ અને વિમાન ઈંધણની સ્થાનિક ઉપલબ્ધતાને પ્રાથમિકતા આપવાનો છે, જ્યારે વૈશ્વિક અનિશ્ચિતતા અને પુરવઠા શ્રૃંખલા વિક્ષેપો વચ્ચે દેશની ઉર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. તેમણે સમજાવ્યું કે ડીઝલ પર નિકાસ ડ્યુટી લાદવામાં આવી છે, જ્યારે પેટ્રોલ પર ડ્યુટી વર્તમાન ક્રેક માર્જિન સાથે જોડાયેલી છે અને સરકારી મશીનરી દ્વારા દર પખવાડિયે તેની સમીક્ષા કરવામાં આવશે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે ભારતમાં હાલમાં પૂરતા પ્રમાણમાં ક્રૂડ ઓઇલનો ભંડાર છે. આનાથી આગામી બે મહિના સુધી પુરવઠો સુનિશ્ચિત થશે.

(BYTE : SUJATA.44)

શિપિંગ, બંદરો, પરિવહન અને જળમાર્ગ મંત્રાલયના વિશેષ સચિવ રાજેશ કુમાર સિંહાએ જણાવ્યું હતું કે છેલ્લા 24 કલાકમાં ખાડી ક્ષેત્રના વિવિધ ભાગોમાંથી 25 ભારતીય નાગરિકોને સુરક્ષિત રીતે સ્વદેશ પરત મોકલવામાં આવ્યા છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ભારત વૈશ્વિક ભાગીદારો સાથે વાતચીત ચાલુ રાખી રહ્યું છે.

**BYTE : RANDHEER JAISWAL**

વિદેશ મંત્રી એસ. જયશંકર G7 વિદેશ મંત્રીઓની બેઠકમાં હાજરી આપવા માટે ફ્રાન્સમાં છે. G7 વિદેશ મંત્રીઓની બેઠકમાં, ડૉ. જયશંકરે ખાસ કરીને ગ્લોબલ સાઉથમાં ઊર્જા પડકારો, ખાતર પુરવઠો અને ખાદ્ય સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી હતી, અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષથી ઉદ્ભવતી અનિશ્ચિતતાઓ પણ વ્યક્ત કરી હતી.

# PM-AIRPORT INAUGURATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ઉત્તર પ્રદેશના જેવરમાં નોઇડા આંતરરાષ્ટ્રીય વિમાનમથકના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કરશે. આ વિમાનમથક આશરે 11 હજાર 200 કરોડ રૂપિયાના કુલ રોકાણ સાથે વિકસાવવામાં આવ્યું છે. ટકાઉ અને ભવિષ્ય માટે તૈયાર માળખાગત પ્રોજેક્ટ તરીકે ડિઝાઇન કરાયેલ, નોઇડા આંતરરાષ્ટ્રીય વિમાનમથક 'નેટ-ઝીરો ઉત્સર્જન' સુવિધા તરીકે કાર્ય કરવાનો હેતુ ધરાવે છે. એક અહેવાલ:

V/C-AJAY INDREKAR

આ વિમાનીમથકનું ઉદ્ઘાટન વૈશ્વિક ઉડ્ડયન કેન્દ્ર બનવા તરફ ભારતની પ્રગતિમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. નોઇડા આંતરરાષ્ટ્રીય વિમાનીમથકને દિલ્હી-એનસીઆર ક્ષેત્ર માટે બીજા આંતરરાષ્ટ્રીય વિમાનમથક તરીકે વિકસાવવામાં આવ્યું છે, જે ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનીમથકને પૂરક બનાવે છે. વિમાનીમથક શરૂઆતમાં દર વર્ષે 12 મિલિયન મુસાફરોને વહન કરવાની ક્ષમતા ધરાવશે, જે સંપૂર્ણ વિકાસ પછી દર વર્ષે 70 મિલિયન મુસાફરો સુધી વધશે. આ વિમાનીમથકમાં એક મજબૂત કાર્ગો ઇકોસિસ્ટમ પણ છે, જેમાં મલ્ટી-મોડલ કાર્ગો હબનો સમાવેશ થાય છે. આ કાર્ગો સુવિધા વાર્ષિક 2 લાખ 50 હજાર મેટ્રિક ટનથી વધુ કાર્ગોને વહન કરવા માટે ડિઝાઇન કરવામાં આવી છે, જે આશરે 1 લાખ 80 હજાર મેટ્રિક ટન સુધી વિસ્તૃત કરી શકાય છે. અજય ઈન્દ્રેકર , આકાશવાણી સમાચાર, અમદાવાદ.

# NOIDA AIRPORT - PRIME MINISTER

નોઈડા આંતરરાષ્ટ્રીય વિમાનીમથકના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કરતા પહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું કે આ વિમાનીમથક વાણિજ્ય અને કનેક્ટિવિટીને વેગ આપશે અને દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનીમથક પર મુસાફરોની ભીડ ઘટાડશે. તેમણે કહ્યું કે નોઈડા વિમાનીમથક દેશના મુખ્ય ગ્રીન પ્રોજેક્ટ્સમાંનું એક છે.

# PM MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મોડી સાંજે પશ્ચિમ એશિયાના સંઘર્ષ પર વિડીયો કોન્ફરન્સ દ્વારા તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરશે અને તેમની રાજ્ય તૈયારીઓ અને યોજનાઓની સમીક્ષા કરશે. આ બેઠક "ટીમ ઇન્ડિયા" ભાવનામાં સંકલિત પ્રયાસો સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. જોકે, આદર્શ આચારસંહિતાને કારણે, ચૂંટણીલક્ષી રાજ્યોના મુખ્યમંત્રીઓ બેઠકમાં હાજરી આપશે નહીં.

# OFFICERS OF THE PRESIDENCY

વિદ્યુત ઇજનેરી સેવા - CPES અને ભારતીય આર્થિક સેવા - IES ના અધિકારીઓ આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યા. અધિકારીઓને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે તેઓ ભારતના વિકાસમાં અગ્રણી ભૂમિકા ભજવી રહ્યા છે અને તેમના નિર્ણયો મજબૂત અને આત્મનિર્ભર ભારતનું નિર્માણ કરવામાં મદદ કરશે.

CPES અધિકારીઓને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે વીજળી એ ઔદ્યોગિક વિકાસ, નવીનતા, સુધારેલ જીવનધોરણ અને દેશની એકંદર સામાજિક-આર્થિક પ્રગતિ પાછળનું પ્રેરક બળ છે.

IES અધિકારીઓને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે ઝડપથી બદલાતા વૈશ્વિક અને સ્થાનિક વાતાવરણમાં, જાહેર સેવામાં આર્થિક આયોજન અને અમલીકરણની ભૂમિકા પહેલા કરતાં વધુ મહત્વપૂર્ણ બની ગઈ છે.

# MINISTRY OF DEFENSE - CONTRACTS

સંરક્ષણ મંત્રાલયે આજે તુંગુસ્કા વાયુ રક્ષા મિસાઇલ પ્રણાલીની ખરીદી અને P-8 આઈ લાંબી રેંજની મેરીટાઇમ ટોહિ વિમાનના નિરીક્ષણ માટે 858 કરોડ રૂપિયાના કરારો પર હસ્તાક્ષર કર્યા. મંત્રાલયે જણાવ્યું હતું કે ભારતીય સેના માટે 445 કરોડ રૂપિયાના મૂલ્યના તુંગુસ્કા વાયુ રક્ષા મિસાઇલ પ્રણાલીની ખરીદી માટેનો કરાર સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહની હાજરીમાં રશિયાના JSC રોસોબોરોને એક્સપોર્ટ સાથે કરવામાં આવ્યો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# RAJYA SABHA AMENDMENT - FINANCE BILL 2026

રાજ્યસભાએ આજે નાણા વિધેયક, 2026 અને વિનિયોગ નંબર 2 વિધેયક, 2026 ની ચર્ચા બાદ ધ્વનિમતથી પસાર કર્યું. નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ ગૃહમાં આ વિધેયક રજૂ કર્યું. તે નાણાકીય વર્ષ 2026-27 માટે ભારતના સંકલિત ભંડોળમાંથી ચોક્કસ રકમની ચુકવણી અને વિનિયોગની જોગવાઈ કરે છે.

ચર્ચાનો જવાબ આપતા, નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે નાણા વિધેયક સુધારાઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે. ચર્ચા શરૂ કરતા, કોંગ્રેસ પક્ષના શક્તિસિંહ ગોહિલે કહ્યું કે સરકારે કર માળખામાં ફક્ત નાના ફેરફારો કર્યા છે. આ બજેટ મધ્યમ વર્ગને લાભ આપશે નહીં. ભારતીય જનતા પાર્ટીના સંજય સેઠે જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારે GDP-દેવું ગુણોત્તરને નિયંત્રિત કરવામાં સફળતા મેળવી છે.

# LOK SABHA - PUBLIC TRUST BILL

વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્યમંત્રી જિતિન પ્રસાદે આજે લોકસભામાં જાહેર ટ્રસ્ટ જોગવાઈઓ – સુધારા વિધેયક, 2026 રજૂ કર્યું. આ વિધેયક ચોક્કસ કાયદાઓમાં સુધારો કરીને નિર્દિષ્ટ શ્રેણીમાંથી ગુનાઓને દૂર કરવા અને તર્કસંગત બનાવવાનો પ્રયાસ કરે છે. તેનો ઉદ્દેશ્ય જીવન જીવવા અને વ્યવસાય કરવાની સરળતામાં સુધારો કરવા માટે ટ્રસ્ટ-આધારિત શાસનને વધુ મજબૂત બનાવવાનો છે. શ્રી પ્રસાદે જણાવ્યું હતું કે આ વિધેયક હેઠળ, નાના ગુનાઓને ગુનાહિત જાહેર કરવામાં આવશે અને દંડ જેવા પગલાંને ગુના અનુસાર સુધારવામાં આવશે.

# KUWAIT DRONE ATTACK

કુવૈતના મુખ્ય વાણિજ્યિક કેન્દ્ર શુવૈખ બંદર પર આજે સવારે ડ્રોન હુમલો થયો, જેના કારણે માળખાગત સુવિધાઓને નુકસાન થયું. કુવૈત પોર્ટ્સ ઓથોરિટીએ જણાવ્યું હતું કે કટોકટી પ્રણાલીઓ તાત્કાલિક સક્રિય કરવામાં આવી હતી. શુવૈખ બંદર કુવૈતના મુખ્ય દરિયાઈ વેપાર કેન્દ્ર તરીકે સેવા આપે છે.

# PRIME MINISTER OF NEPAL

નેપાળમાં, આજે બાલેન્દ્ર શાહે નવા પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા. રાષ્ટ્રપતિ રામ ચંદ્ર પૌડેલે કાઠમંડુના શિતલ નિવાસ ખાતે તેમને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા. તેમની સાથે નવા મંત્રીમંડળના સભ્યોએ પણ શપથ લીધા.

# PM SURYA TILAK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંસદ ભવનમાં તેમના કાર્યાલયથી ટેલિવિઝન પર અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં પ્રાર્થના કરી અને સૂર્ય તિલક કર્યું. રામ નવમી નિમિત્તે રાષ્ટ્રને શુભેચ્છા પાઠવતા શ્રી મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે બલિદાન, તપસ્યા અને સંયમથી ભરપૂર મર્યાદા પુરુષોત્તમનું જીવન આપણને દરેક પરિસ્થિતિનો સંપૂર્ણ શક્તિથી સામનો કરવા પ્રેરણા આપે છે. પ્રધાનમંત્રીએ પ્રાર્થના કરી કે ભગવાન રામના આશીર્વાદ બધાનું કલ્યાણ સુનિશ્ચિત કરે અને વિકસિત અને આત્મનિર્ભર ભારત માટેના રાષ્ટ્રીય સંકલ્પની પરિપૂર્ણતા માટે માર્ગ મોકળો કરે.

# CHIEF JUSTICE - LADAKH VISIT

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત આજે કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખની ચાર દિવસની મુલાકાતે લેહ પહોંચ્યા. લેહના ખુસુક બકુલા રિનપોચે વિમાનીમથક પર તેમનું સ્વાગત અને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું.

ડૉ. સૂર્યકાંત લેહ અને કારગિલમાં નવી બનેલી જિલ્લા અદાલત ઇમારતોનું ઉદ્ઘાટન કરશે. મુખ્ય ન્યાયમૂર્તિ  લેહમાં 14મી કોર્પ્સના લશ્કરી કર્મચારીઓને પણ સંબોધન કરશે.

# PIB FACT CHECK - LOCKDOWN

સરકારે સોશિયલ મીડિયા પર ફરતા એક વીડિયોનું ખંડન કર્યું છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવ્યાપી લોકડાઉનની જાહેરાત કરી છે. વીડિયોમાં દાવો કરવામાં આવ્યો છે કે દેશમાં એક મોટી કટોકટીએ લોકોને ઘરમાં રહેવાની ફરજ પાડી છે. પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો - PIB ફેક્ટ ચેક યુનિટે આ દાવાને ખોટો ગણાવ્યો છે અને કહ્યું છે કે પ્રધાનમંત્રી કે કેન્દ્ર સરકારે આવી કોઈ જાહેરાત કરી નથી. PIBએ  લોકોને આવા સમાચાર પર વિશ્વાસ ન કરવા અને ફક્ત સત્તાવાર માહિતી પર આધાર રાખવા વિનંતી કરે છે.